૦૯-૧૨-૨૦૨૨ પ્રાતઃમોરલી ઓમ્ શાંતિ "બાપદાદા" મધુબન

**"મીઠાં બાળકો - તમે કર્મક્ષેત્ર પર આવ્યાં છો પાર્ટ ભજવવા, તમારે કર્મ જરુર કરવાનાં છે, આત્માનો સ્વધર્મ શાંતિ છે, એટલે શાંતિ નથી માંગવાની, સ્વધર્મ માં ટકવાનું (રહેવાનું) છે"**

**પ્રશ્ન :-** બન્યા-બનેલ (પૂર્વ નિર્ધારિત) ડ્રામા ને જાણવા છતાં પણ બાપ તમને કઈ વાત નથી બતાવતાં? કારણ શું?

**ઉત્તર :-** બાપ જાણે છે - કાલે શું થવાનું છે તો પણ બતાવશે નહીં. એવું નહીં કાલે ભૂકંપ થશે - એ આજે જ બતાવી દે. જો બતાવી દે તો ડ્રામા રીયલ (સાચ્ચો) ન રહે. તમારે બધુંજ સાક્ષી થઈને જોવાનું છે. જો પહેલાં થી જ ખબર હોય તો એ સમયે તમને બાપની યાદ પણ ભુલાઈ જશે. અંત ની સીન (અંત નું દૃશ્ય) જોવા માટે તમારે મહાવીર બનવાનું છે. અચળ-અડોલ રહેવાનું છે. બાપની યાદ માં શરીર છોડો, એનાં માટે પરિપકવ અવસ્થા બનાવવાની છે.

**ઓમ્ શાંતિ!** ઓમ્ શાંતિ નો અર્થ બાળકોને સમજાવ્યો છે. મનુષ્ય કહે છે મનની શાંતિ જોઈએ, તે કેવી રીતે મળે? એનાં પર કદાચ એક પુસ્તક છપાયેલું છે. બાપે બાળકોને સમજાવ્યું છે, તમે પણ કહો છો ઓમ્ શાંતિ. હવે આનો અર્થ શું છે? કોઇ તો ઓમ્ નો અર્થ ભગવાન સમજે છે. બાપ પણ કહે છે ઓમ્ શાંતિ. ઓમ્ અર્થાત્ અહમ (હું આત્મા). પાછળ પછી કહે છે મારું શરીર. તો આત્મા પોતે જ કહે છે ઓમ્ શાંતિ. મારો સ્વધર્મ છે જ શાંતિ અને રહેવાનું સ્થાન પણ નિર્વાણધામ, શાંતિધામ છે. આત્મા પોતે પોતાનો પરિચય આપે છે કે હું શાંત સ્વરુપ છું પછી પૂછવાની જરુર જ નથી રહેતી કે મન ની શાંતિ કેવી રીતે મળે? બાપ પણ કહે છે - ઓમ્ શાંતિ. હું પણ પરમ આત્મા છું, આપ સર્વ બાળકોનો બાપ છું. શાંતિધામ માં રહેવા વાળો છું. આપ આત્માઓએ અહીં શરીર ધારણ કર્યુ છે પાર્ટ ભજવવાં. પછી મનની શાંતિનો તો પ્રશ્ન જ નથી ઉઠી શકતો. ઓમ્ નો અર્થ પણ કોઈ નથી જાણતું, એટલે ધક્કા ખાતા રહે છે - મનની શાંતિ માટે. આત્મા જ્યારે અશરીરી છે તો છે જ શાંત. શરીરમાં આવવાથી કર્મેન્દ્રિયો જરુર કામ કરશે. કર્મક્ષેત્ર પર જરુર કામ કરવું પડે છે તો શાંતિ પર કોઈ પુસ્તક બનાવવાની જરુર નથી. આ તો સેકન્ડની વાત છે સમજવાની. આત્મા પોતે જ કહે છે ઓમ્ શાંતિ. બાકી શું જોઈએ? ક્યાંથી શાંતિ આવશે? આત્માનો દેશ શાંતિધામ છે. હમણાં તો ત્યાં જઈને બેસશે નહીં. પાર્ટ જરુર ભજવવાનો છે. આમ પણ પરમપિતા પરમાત્મા પાસે થી જીવનમુક્તિ મેળવવા માટે કોઈ પુસ્તક વગેરેની જરુર નથી. આ તો સેકન્ડની વાત છે. પુસ્તક ભક્તિમાર્ગ માં બનાવે છે, નહીં કે જ્ઞાનમાર્ગ માં. છતાં પણ બહારવાળાને સમજાવવા માટે રીયલ્ટી ની (સાચ્ચી) જે સમજણ છે - સાચ્ચા મન ની શાંતિ પર, સાચ્ચી ગીતા પર લખવું પડે છે. નહીં તો બુદ્ધિ કહે છે - પોતાને આત્મા નિશ્ચય કરો, સુખધામ અને શાંતિધામ ને યાદ કરો તો અંત મતી સો ગતિ થઇ જશે. બાકી અહીં થોડી મન ની શાંતિ થઈ શકે છે. શાંતિધામ તો છે નિર્માણધામ, જ્યાં બાપ પણ રહે છે અને આપણે આત્માઓ પણ રહીએ છીએ. રુદ્ર માળા પણ કહે છે તો રુદ્ર જ્ઞાન યજ્ઞ પણ એક જ છે. જ્ઞાન સાગર બાપ જ આ જ્ઞાન સંભળાવી શકે છે. બાકી જ્ઞાન તો ઘણાં પ્રકારનાં છે. સાયન્સ (વિજ્ઞાન) નું પણ જ્ઞાન, કારીગરી નું પણ જ્ઞાન હોય છે. પરંતુ તે છે વ્યવહાર ની વાતો. જ્ઞાન થી મનુષ્ય ખૂબ અક્કલમંદ બને છે. હવે આપ બાળકોને સૃષ્ટિનાં આદિ-મધ્ય-અંત નું જ્ઞાન મળ્યું છે. આ પાઠશાળા છે, અહીં ભણાવાય છે. બાપ છે જ્ઞાન નાં સાગર, એમને બધું જ્ઞાન છે. બધાં વેદ-શાસ્ત્ર વગેરેને જાણે છે. રોંગ-રાઈટ, ખોટું-સાચ્ચુ શું છે, તે હું સમજાવું છું. હવે બતાવો સાચ્ચુ શું છે? સર્વવ્યાપી કહેવું આ સાચ્ચુ છે? હું તો તમારો બાપ છું. સર્વવ્યાપી થી તો

કોઇ જ્ઞાન મળી ન શકે. પુરુષાર્થ થઇ ન શકે. સર્વવ્યાપી થઈને શું કરે? સ્વયં માલિક છે, ભગવાન તો ક્યારેય પતિત થતા નથી. એ તો જ્યારે ઈચ્છે તો પાછાં ચાલ્યાં જાય. અહીં તો પતિત છે એટલે પાછું કોઇ જઇ ન શકે. પતિત બનવાથી બધું જ્ઞાન ઉડી જાય છે, બુદ્ધિ મલીન (પતિત) થઈ જાય છે. યોગ નથી લાગતો, યાદ માં વિઘ્ન પડી જાય છે એટલે કોઇ પણ પાપ કર્મ ન કરવું જોઈએ. યાદ પણ જરુર કરવાનાં છે. બાપ વગર જૂનાં પાપ કપાઇ નથી શકતાં. એવું નથી હરિદ્વાર માં રહેવાથી કોઇ પાપ કપાઇ શકે છે, ના. પાપ તો કરતા રહે છે. સાધુ-સંતો ને જો ખબર હોત કે અમારું ઘર શાંતિધામ છે તો ત્યાંથી થઈને આવત. બાબા તમને બધાં સાક્ષાત્કાર કરાવે છે. એટલે તમે થઈને આવ્યાં છો. ભક્તિમાર્ગ માં પણ સાક્ષાતકાર થાય છે- દિવ્ય દૃષ્ટિ થી. તમે જ્યારે સતયુગ માં છો (હશો) તો આ આંખો થી લક્ષ્મી-નારાયણને જોશો. તે પણ તમને જોશે. હમણાં સાક્ષાત્કાર માં જુઓ છો. બાબાની પાસે દિવ્ય દૃષ્ટિ ની ચાવી છે, તે બીજા કોઈને મળી ન શકે. બાબાએ સમજાવ્યું છે આ ચાવી હું કોઈને પણ નથી આપતો. આની એવજ (વળતર) માં હું પછી સ્વર્ગની રાજાઇ નથી કરતો. ત્રાજવું સમાન રાખું છું. તમે વિશ્વ નાં માલિક બનો છો, હું નથી બનતો. ભક્તિમાર્ગ માં જે સાક્ષાત્કાર કરે છે તે પણ મૂર્તિ માં થોડી તાકાત છે.

બાબા કહે છે - હું મનોકામના પૂર્ણ કરવા માટે સાક્ષાત્કાર કરાવું છું. ગણેશ, હનુમાન વગેરે જેમની પૂજા કરે છે તો સાક્ષાત્કાર હું કરાવું છું. પરંતુ તે લોકો સમજે છે પરમાત્મા બધામાં છે એટલે મને સર્વવ્યાપી કહી દીધું, ઉલ્ટું જ્ઞાન લઈ લીધું. હકીકત માં બધાં ભાઈઓ છે. બધામાં આત્મા છે. બધાં ફાધર (પિતા) તો હોય ન શકે. સર્વ આત્માઓ પોકારે છે હે ગોડ ફાધર રહેમ કરો, તો બધાં બાળકો થઇ ગયાં. બાળકો બાપ પાસે થી વારસો લે છે તો દેહનું અભિમાન છોડવું પડે. બસ હું આત્મા બાપ પાસે થી વારસો લઈ રહ્યો છું. આત્માને પુરુષ કે સ્ત્રી નથી કહેતાં. ભલે ચોલો સ્ત્રીનો (શરીર સ્ત્રીનું) છે પરંતુ આ કહેવું ઠીક છે કે વારસો લઈ રહ્યો છું. બાપ પાસે થી વારસો લેવાનો બધાં ને હક છે, હું ક્રિશ્ચન છું, હું ફલાણો છું. આ બધાં શરીર નાં ધર્મ છે. આત્મા એક જ છે. શરીર બદલાય છે, ત્યારે કહે છે આ મુસલમાન છે, આ હિન્દુ છે. આત્માનું નામ નથી બદલાતું, શરીરનું બદલાય છે. બાપ તો છે જ પતિત-પાવન, જ્ઞાન નાં સાગર. બાપની મહિમા અલગ થઈ જાય છે. એ શાંતિ નાં સાગર, જ્ઞાન નાં સાગર છે. એમની સાથે યોગ લગાવવાથી આપણે શાંતિધામ ચાલ્યાં જઈશું, તે પણ હમણાં. આવો યોગ ક્યારેય કોઇ લગાવી ન શકે. તમે શાંતિધામ ને જાણો છો. બાકી યાદ શિવબાબા ને કરો છો. સંન્યાસી કહે છે અમે બ્રહ્મજ્ઞાની છીએ. બ્રહ્મ સાથે યોગ લગાવીએ છીએ પરંતુ એનાંથી વિકર્મ વિનાશ નથી થઈ શકતાં. તે યોગ જ ખોટો છે. બ્રહ્મ અર્થાત્ રહેવાનું સ્થાન. બ્રહ્મ જ્ઞાની અથવા તત્વ જ્ઞાની વાત એક જ છે. બાપ કહે છે આ એમનો ભ્રમ છે. પતિત-પાવન બ્રહ્મ હોઈ ન શકે. આત્માઓ નાં બાપ શિવ છે, એમને જ પતિત-પાવન કહેવાય છે. બાકી પાછું તો કોઇ જઇ ન શકે. બધાંને સતોપ્રધાન થી તમોપ્રધાન બનવાનું જ છે. જ્યારે કે પહેલો નંબર શ્રી નારાયણ જ બને છે તો બીજા બધાં પણ જરુર તમોપ્રધાન બનશે. પુનર્જન્મ લેતા આવશે. આ પણ બુદ્ધિમાં રખાય છે.

તમે જાણો છો દરેક ધર્મ વાળા કેટલાં જન્મ લેતા હશે? દેવતાઓને કહેશે પૂરાં ૮૪ જન્મ લે છે. બીજાનાં જન્મ એક્યુરેટ (બરાબર) નથી બતાવી શકતાં. કોઈ હિસાબ કરે તો કાઢી શકે છે. પરંતુ જરુર નથી. આપણું પોતાનાં પુરુષાર્થ થી કામ છે બીજી વધારે વાતો માં નથી જવાનું. તમને મુક્તિ, જીવનમુક્તિ જોઈએ તો મનમનાભવ. હું છું જ પતિત-પાવન, આવીને રાજયોગ શિખવાડું છું. પતિત-પાવન જરુર કળિયુગ નાં અંત માં આવશે, નહીં કે

દ્વાપર માં. ફક્ત શિવરાત્રી લખવાથી અર્થ નથી નીકળતો. ત્રિમૂર્તિ શિવરાત્રી લખવું જોઈએ. ભક્તિમાં ઘોર અંધારું છે ત્યારે કહે છે જ્ઞાન સૂર્ય પ્રગટ્યા..... જરુર કળિયુગ નો અંત હશે. રોશની છે સતયુગ માં. બાપ જરુર સંગમ પર આવશે. બધાં પતિત બને ત્યારે તો બાપ આવીને પાવન બનાવે કારણ કે બધાનું કનેક્શન (બધાંનો સંબંધ) છે ને. ઘણાં સંન્યાસી લોકો પણ કહે છે મનની શાંતિ કેવી રીતે થશે. આત્મા નો સ્વધર્મ જ શાંત છે. જેમ ભારતવાસી દેવી-દેવતાઓને ભૂલેલાં છે, તેમ આત્મા પણ પોતાનાં સ્વધર્મ ને ભૂલી ગયો છે. આત્મા જ જાણે છે - મને રાવણે અશાંત કર્યો છે. આ જ્ઞાન હમણાં મળ્યું છે. અહીં તો શાંતિ ક્યારેય મળી ન શકે. શાંતિધામ માં જ શાંતિ મળી શકે છે. ત્યાં તો બધાંને જવાનું છે. આપણે શાંતિધામમાં જઈશું પછી આવશું સુખધામ માં. બીજા ધર્મવાળા ને શાંતિ વધારે મળે છે, આપણને સુખ વધારે મળે છે. એમને ન આટલું સુખ, ન દુઃખ મળશે. આ છે ડીટેલ (વિસ્તાર) ની વાતો. કોઈએ લક્ષ ને સારી રીતે પકડી લીધું છે, તે પણ કાફી (પૂરતું) છે. ઘરમાં રહેતા બાપ અને વારસા ને યાદ કરતા રહો. પરંતુ પ્રજા નહીં બનાવી શકો. જે પ્રજા બનાવશે એ જ રાજા-રાણી, માલિક બનશે. મહેનત છે ને. પ્રોજેક્ટર પર સમજાવવાનું સહજ છે. મોટાં-મોટાં વ્યક્તિઓને નિમંત્રણ આપી એમને સમજાવવું જોઈએ. આપ બાળકો અનેકોનું કલ્યાણ કરી શકો છો. આ પણ નવી રીતો નીકળી રહી છે. અંગ્રેજીમાં પણ પ્રોજેક્ટર સ્લાઇડ્સ વિદેશમાં જઈને દેખાડી શકો છો. આ ગોળો વગેરે જ્યારે જોશે તો સમજશે કે આ છે ભારત ની ફિલોસોફી. આ જ્ઞાન બાપ જ આપી શકે છે. આ છે રુહાની જ્ઞાન. રુહ થી જ રુહાની જ્ઞાન મળે છે. સાચ્ચા ડોક્ટર ઓફ ફિલોસોફી પણ તમે છો. બાપ છે રુહાની સર્જન. રુહોને ઇન્જેક્શન લગાવે છે. તમારું છે બધું ગુપ્ત. તે લોકો તો બેસી શાસ્ત્ર વગેરે વાંચે છે તો એમનું ખૂબ માન હોય છે. તેઓ રુહોને પતિત સમજતા નથી, નિર્લેપ કહી દે છે. તો સાચ્ચુ-સાચ્ચુ જ્ઞાન તમે જ આપી શકો છો. આ પણ સમજાવ્યું છે તે છે હદ નો સન્યાસ, તમારો છે બેહદ નો સન્યાસ, જે બેહદ નાં બાપ જ શિખવાડે છે. તે છે હઠયોગ, આ છે રાજયોગ. તેઓ હઠયોગ થી કર્મેન્દ્રિયોને વશ કરવા ઈચ્છે છે. તમે રાજયોગ થી કર્મેન્દ્રિયો ને વશ કરો છો. ખૂબ ફરક છે. હવે બાપ દ્વારા તમે નોલેજફુલ (જ્ઞાની) બનતાં જઈ રહ્યાં છો. પરંતુ બનશો નંબરવાર પુરુષાર્થ અનુસાર. આવાં બાપની સાથે કેટલો પ્રેમ રહેવો જોઈએ. આ છે ગુપ્ત પ્રેમ. આત્મા પણ ગુપ્ત છે. આત્મા જાણે છે કે અમને બાબા મળ્યાં છે. દુઃખ થી છોડાવી રહ્યાં છે. બાબા તમે તો કમાલ કરી છે. કલ્પ-કલ્પ તમે અમને જ્ઞાન આપો છો પછી અમે ભૂલી જઈએ છીએ. બાપ કહે છે - હા બાળકો, મેં તો કહ્યું હતું આ જ્ઞાન પ્રાયઃલોપ થઈ જશે. સતયુગ માં આ જ્ઞાન નહીં રહેશે. આ બધો ડ્રામા બનેલો છે, જરા પણ ફરક નથી પડી શકતો. બન્યો-બનેલો ડ્રામા છે, જે કાંઈ થાય છે સાક્ષી થઈને જોતા ચાલો (રહો). વિનાશ થવાનો છે, સ્થાપના થવાની છે, સાક્ષી થઈને જોવાનું છે. સમજો કાલે ભૂકંપ થવાનો છે તો એવું નહીં હું બતાવીશ કે આ થવાનું છે. પછી તો બધાં પ્રબંધ કરી લે. સાક્ષી થઈને જોતા ચાલો. મૂળ વાત છે મને યાદ કરો. નહીં તો મને પણ ભૂલી જશો. આપ બાળકોએ મહાવીર બનવાનું છે. મહાવીર-મહાવીરણી ને ગોડ ઓફ નોલેજ, ગોડેજ ઓફ નોલેજ કહેવાય છે. ગોડ જ યોગ શિખવાડી મહાવીર બનાવે છે. અંતમાં જ્યારે ભૂકંપ વગેરે થશે એ જ સમયે મહાવીરપણું જોઈએ. હમણાં તો તમે પુરુષાર્થી છો. અચળ-અડોલ રહેવું પડે અને સાથે-સાથે બાબાની યાદ માં મર્યા તો ખૂબ સારું. જે જ્ઞાનમાં અચળ-અડોલ હશે તે બેઠાં-બેઠાં શરીર છોડશે. પછી કર્માતીત અવસ્થા માં જઈને સર્વિસ (સેવા) કરશે. બાળકોએ પરિપકવ અવસ્થા માં શરીર છોડી સૂક્ષ્મતન માં જઈને પછી નવી દુનિયામાં આવવાનું છે. અચ્છા!

બાળકોએ સદૈવ પોતાનો ચાર્ટ જોવાનો છે જે આપણે બાબા થી પૂરો વારસો મેળવીએ. કોઈ પણ વાતનાં સંશય માં આવીને ભણતર ક્યારેય ન છોડવું જોઈએ. બાબા વારંવાર કહે છે - મને યાદ કરો તો વિકર્મ વિનાશ થશે. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

**ધારણા માટે મુખ્ય સારઃ-**

1) કોઈપણ વાત માં સંશય બુદ્ધિ બની ભણતર નથી છોડવાનું. પોતાની સ્થિતિ અચળ, અડોલ બનાવવાની છે. એક બાપ સાથે સાચ્ચો પ્રેમ રાખવાનો છે.

2) પોતાનો સમય વિસ્તાર ની વાતો માં વેસ્ટ (વ્યર્થ) નથી કરવાનો. બુદ્ધિ કોઈ પણ કર્મ માં મલીન ન થાય, આનું પૂરું ધ્યાન રાખવાનું છે.

**વરદાનઃ- મન્સા-વાચા-કર્મણા અને સંબંધ-સંપર્ક માં પવિત્રતાની ધારણા દ્વારા પરમપૂજ્ય આત્મા ભવ**

પવિત્રતા ફક્ત બ્રહ્મચર્ય નથી પરંતુ મન્સા સંકલ્પ માં પણ કોઈનાં પ્રતિ નેગેટીવ (નકારાત્મક) સંકલ્પ ન હોય, બોલ માં પણ કોઈ એવાં શબ્દ ન નીકળે, સંબંધ-સંપર્ક પણ સૌથી સારા હોય, કોઈમાં જરા પણ અપવિત્રતા ખંડિત ન થાય ત્યારે કહેવાશે પૂજ્ય આત્મા. તો પવિત્રતા નાં ફાઉન્ડેશન (પાયા) ને ચેક કરો. સદા સ્મૃતિ માં રહે કે હું પરમ પવિત્ર પૂજ્ય આત્મા આ શરીર રુપી મંદિર માં વિરાજમાન છું, કોઈપણ વ્યર્થ સંકલ્પ મંદિર માં પ્રવેશ કરી નથી શકતો.

**સ્લોગન :-** પોતાનાં ભવિષ્ય ને સ્પષ્ટ જોવા તથા જાણવા માટે સંપૂર્ણતા ની સ્થિતિ માં સ્થિત રહો.